7 વર્ષ બાદ ભારત ન્યૂઝીલેન્ડમાં વનડે સિરીઝ જીત્યું

ભારતીય ટીમ 210 રનમાં ઓલઆઉટ થયા બાદ સિરાજ અને અર્શદીપની ઘાતક બોલિંગ

બોલર્સના શાનદાર પ્રદર્શનના જોરે ન્યૂઝીલેન્ડ ટીમને 187 રનમાં ઓલઆઉટ કરી ભારતે 3-1થી સિરીઝ કબજે કરી

ન્યૂઝીલેન્ડનો ઘરઆંગણે સતત 11 વનડે સિરીઝ જીતવાનો સિલસિલો તૂટ્યો



માઉંટ મૉનગનુઈ, તા. 15 (પીટીઆઈ): રવિવારે 15 નવેમ્બરે રમાયેલી પાંચમી અને અંતિમ વનડે મેચમાં ફાસ્ટ બોલરો મોહમ્મદ સિરાજ અને અર્શદીપ સિંહની શિસ્તબદ્ધ બોલિંગની મદદથી ભારતે ન્યૂઝીલેન્ડને 22 રને હરાવીને શ્રેણી 3-1થી જીતી લીધી છે. શ્રેયસ અૈયરની આગેવાની હેઠળની ટીમે અગાઉ ટી20 શ્રેણી 3-2થી જીત્યા બાદ વનડે સિરીઝ પણ કબજે કરી છે. આ હાર સાથે ઘરઆંગણે સતત 11 વનડે સિરીઝ જીતવાનો ન્યૂઝીલેન્ડનો સિલસિલો તૂટ્યો છે. આ ઉપરાંત ભારતનો 7 વર્ષ બાદ ન્યૂઝીલેન્ડમાં વનડે સિરીઝ વિજય પણ છે, ટીમ ઈન્ડિયાએ છેલ્લે 2019માં 4-1થી સિરીઝ જીતી હતી.

પ્રથમ બેટિંગ કરતા ભારતની શરૂઆત નબળી રહી હતી અને રોહિત શર્મા, વિરાટ કોહલી તેમજ ઋતુરાજ ગાયકવાડ સસ્તામાં આઉટ થતા ટીમે 34 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ અક્ષર પટેલ (46 રન) અને શ્રેયસ અૈયરે ચોથી વિકેટ માટે 52 રન જોડ્યા હતા, જ્યારે ઈશાન કિશન (46 રન) અને નમન ધીરે (22 રન) છઠ્ઠી વિકેટ માટે 39 રનની ભાગીદારી કરી હતી. અંતે અર્શદીપ અને સિરાજની ઉપયોગી બેટિંગથી ભારત 209 રન સુધી પહોંચી શક્યું હતું.

210 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમ 187 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. અર્શદીપ સિંહે 30 રન આપી 3 અને મોહમ્મદ સિરાજે 50 રન આપી 2 વિકેટ ઝડપી યજમાન ટીમના ટોપ-ઓર્ડરને ધ્વસ્ત કર્યો હતો.

ભારત

	રન	બોલ	4	6
રોહિત કો ફોક્સક્રોફ્ટ બો ફીશર	7	13	1	0
ઋતુરાજ કો સેફર્ટ બો ડફી	18	27	3	0
વિરાટ કો સેફર્ટ બો ફીશર	5	7	0	0
શ્રેયસ કો ફીશર બો ટીકનેર	22	26	3	0
અક્ષર કો યંગ બો બ્રેસવેલ	46	55	5	1
ઈશાન કો ફીશર બો ડફી	46	58	3	2
નમન કો કેલી બો સેન્ટનર	22	31	2	0
નબી કો એલેન બો સેન્ટનર	5	9	1	0
યશ કો સેફર્ટ બો સેન્ટનર	0	4	0	0
સિરાજ અણનમ	14	20	1	1
અર્શદીપ બો ડફી	14	4	0	2
વધારાના	10			

કુલ 42.1 ઓવરમાં 10 વિકેટે 209 રન

વિકેટ પતન: 1-23, 2-33, 3-34, 4-86, 5-121, 6-160, 7-166, 8-166, 9-183, 10-209

બોલિંગ	O	M	R	W
જેકબ ડફી	8.1	1	60	3
મેથ્યુ ફીશર	7	1	28	2
કિસ્ટેન ક્લાર્ક	2	0	13	0
બ્લેર ટીકનેર	5	1	24	1
મિચેલ સેન્ટનર	10	1	47	3
માઈકલ બ્રેસવેલ	10	0	35	1

ન્યૂઝીલેન્ડ

	રન	બો	4	6
યંગ કો ઋતુરાજ બો અર્શદીપ	22	42	3	0
સેફર્ટ કો યશ બો સિરાજ	14	21	2	0
કેલી બો અર્શદીપ	24	45	2	0
ફોક્સક્રોફ્ટ બો યશ ઠાકુર	31	42	5	0
એલેન બો સિરાજ	1	5	0	0
બ્રેસવેલ કો નમન બો નબી	19	33	2	0
સેન્ટનર કો અર્શદીપ બો નમન	24	31	1	2
કિસ્ટેન કો ઈશાન બો અર્શદીપ	16	35	1	0
ટીકનેર સ્ટ ઈશાન બો અક્ષર	14	20	1	0
ડફી કો કોહલી બો અક્ષર	9	12	1	0
મેથ્યુ ફીશર અણનમ	3	6	0	0
વધારાના	10			

કુલ 48.1 ઓવરમાં 10 વિકેટે 187

વિકેટ પતન: 1-26, 2-64, 3-82, 4-83, 5-119, 6-119, 7-158, 8-161, 9-181, 10-187

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	10	2	30	3
મોહમ્મદ સિરાજ	10	1	50	2
આકીબ નબી	10	1	37	1
યશ ઠાકુર	10	0	38	1
અક્ષર પટેલ	6.1	0	28	2
નમન ધીર	2	0	4	1

મહત્વના રેકોર્ડ

» અર્શદીપ સિંહે ઇનિંગ્સના અંતિમ ઓવરોમાં ૨ છગ્ગા ફટકારીને વનડે ક્રિકેટમાં નંબર-11 બેટ્સમેન તરીકે એક જ ઇનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા લગાવવાના મામલે વેંકટેશ પ્રસાદ અને મોહમ્મદ શમીના રેકોર્ડની સંયુક્ત બરાબરી કરી લીધી છે.

વનડેમાં ભારતના નંબર-11 બેટ્સમેન દ્વારા સૌથી વધુ છગ્ગા

વેંકટેશ પ્રસાદ	2 છગ્ગા	વિરુદ્ધ પાકિસ્તાન, ટોરોન્ટો, 1996
મોહમ્મદ શમી	2 છગ્ગા	વિરુદ્ધ શ્રીલંકા, ફતુલ્લાહ, 2014
અર્શદીપ સિંહ	2 છગ્ગા	વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ, માઉન્ટ મૌંગાનુઈ, 2026

» ગૌતમ ગંભીરની મુખ્ય કોચ તરીકેની કારકિર્દીમાં વિદેશી ધરતી પર ભારતની આ પ્રથમ વનડે શ્રેણી જીત છે.

» ન્યૂઝીલેન્ડમાં વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો ભારતીય રેકોર્ડ સચિન તેંડુલકરના (22 મેચમાં 821 રન) નામે યથાવત છે. વિરાટ કોહલી (18 મેચમાં 682 રન) આ રેકોર્ડ તોડવાથી 139 રન દૂર રહી ગયો.

લક્ષ્ય સેન જાપાન ઓપન ટાઇટલ જીતનારો પ્રથમ ભારતીય

લક્ષ્ય સેનનો જાપાનના વતનાબે સામે 13-21, 21-18, 21-15થી વિજય

આ વિજય સાથે લક્ષ્યે સિઝનની અંતિમ BWF વર્લ્ડ ટૂર ફાઇનલ્સ માટે ક્વોલિફાય કરવાની પોતાની દાવેદારી વધુ મજબૂત કરી



કુમામોટો (જાપાન), તા. 15 (પીટીઆઈ): રવિવારે 15 નવેમ્બરે રમાયેલી કુમામોટો માસ્ટર્સ જાપાન સુપર 500 બેડમિન્ટન ટૂર્નામેન્ટની રોમાંચક ફાઇનલમાં ભારતના સ્ટાર શટલર લક્ષ્ય સેને સ્થાનિક ખેલાડી કોકી વતનાબેને હરાવીને સતત બીજું ખિતાબ પોતાના નામે કર્યું છે. વિશ્વના 13મા નંબરના ખેલાડી લક્ષ્ય સેને 64 મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં વતનાબે સામે 13-21, 21-18, 21-15થી વિજય મેળવ્યો હતો. આ સાથે તે જાપાન ઓપન ટાઇટલ જીતનારો પ્રથમ ભારતીય બન્યો છે.

અગાઉ ગત અઠવાડિયે હાયલો ઓપન જીતનાર લક્ષ્ય સેને આ વિજય સાથે હાંગઝોઉ ખાતે યોજાનારી સિઝનની અંતિમ BWF વર્લ્ડ ટૂર ફાઇનલ્સ માટે ક્વોલિફાય કરવાની પોતાની દાવેદારી વધુ મજબૂત કરી લીધી છે. આ વિજયથી તેને 9,200 પોઈન્ટ્સ મળ્યા છે, જેનાથી તે રેસ ટુ ફાઈનલ્સ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. લક્ષ્ય સેને સતત બીજું BWF ટૂર ટાઇટલ જીતીને શાનદાર ફોર્મ જાળવી રાખ્યું છે.

પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ લક્ષ્ય સેને શાનદાર વાપસી કરી હતી અને નિર્ણાયક ત્રીજી ગેમમાં આક્રમક રમત દાખવીને ટાઇટલ જીતી લીધું હતું. હવે તે આગામી હોંગ કોંગ ઓપન ટૂર્નામેન્ટમાં ભાગ લેશે.

2029 ચેમ્પિયન્સ ટ્રોફી અને 2031 વનડે વર્લ્ડકપ ભારતમાં રમાશે

ICCએ 2028થી 2035 સુધીની ટુર્નામેન્ટનું શેડ્યુલ જાહેર કર્યું

નવું કેલેન્ડર 2028માં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં યોજાનારા ટી20 વર્લ્ડકપથી શરૂ થઈને 2035ના વનડે વર્લ્ડકપ સુધી ચાલશે

2032થી 2035 સુધીની ટુર્નામેન્ટ માટે તારીખો જાહેર પણ યજમાન દેશ હજુ નક્કી કરાયા નથી

2028થી 2035 સુધી ICC ટૂર્નામેન્ટનું સંપૂર્ણ શેડ્યુલ

વર્ષ	ટૂર્નામેન્ટ	યજમાન દેશ	તારીખ
2028	ટી20 વર્લ્ડ કપ	ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ	12 ઓક્ટોબર - 12 નવેમ્બર
2029	WTC ફાઇનલ	ઈંગ્લેન્ડ	8 - 12 જૂન
2029	ચેમ્પિયન્સ ટ્રોફી	ભારત	9 - 28 ઓક્ટોબર
2030	ટી20 વર્લ્ડ કપ	ઈંગ્લેન્ડ, આયર્લેન્ડ, સ્કોટલેન્ડ	4 જુલાઈ - 4 ઓગસ્ટ
2031	WTC ફાઇનલ	ઈંગ્લેન્ડ	12 - 16 જૂન
2031	વનડે વર્લ્ડ કપ	ભારત, બાંગ્લાદેશ	9 ઓક્ટોબર - 23 નવેમ્બર
2032	ટી20 વર્લ્ડ કપ	નક્કી નથી	14 ઓક્ટોબર - 14 નવેમ્બર
2033	WTC ફાઇનલ	નક્કી નથી	9 - 13 જૂન
2033	ચેમ્પિયન્સ ટ્રોફી	નક્કી નથી	2 - 23 ઓક્ટોબર
2034	ટી20 વર્લ્ડ કપ	નક્કી નથી	6 જુલાઈ - 6 ઓગસ્ટ
2035	WTC ફાઇનલ	નક્કી નથી	7 - 11 જૂન
2035	વનડે વર્લ્ડ કપ	નક્કી નથી	2 ઓક્ટોબર - 18 નવેમ્બર

બાલી, તા. 15 (પીટીઆઈ): ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) બોર્ડે રવિવારે 15 નવેમ્બરે બાલીમાં યોજાયેલી બેઠક બાદ વર્ષ 2035 સુધીના મુખ્ય મેન્સ ક્રિકેટ ટૂર્નામેન્ટના કેલેન્ડરને અંતિમ મંજૂરી આપી દીધી છે. આ જાહેરાત મુજબ, ભારતને બે મોટી વૈશ્વિક ટૂર્નામેન્ટની યજમાની સોંપવામાં આવી છે. ભારત 9થી 28 ઓક્ટોબર 2029 દરમિયાન એકલા હાથે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરશે, જે 2006 બાદ પ્રથમ વખત ભારતમાં રમાશે. આ ઉપરાંત, 9 ઓક્ટોબરથી 23 નવેમ્બર 2031 દરમિયાન ભારત અને બાંગ્લાદેશ સંયુક્ત રીતે વનડે વર્લ્ડકપની યજમાની કરશે.

આ નવું કેલેન્ડર વર્ષ 2028માં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં યોજાનારા ટી20 વર્લ્ડકપથી શરૂ થઈને 2035ના વનડે વર્લ્ડ કપ સુધી ચાલશે. 2030નો ટી-20 વર્લ્ડકપ ઈંગ્લેન્ડ, આયર્લેન્ડ અને સ્કોટલેન્ડમાં રમાશે, જ્યારે 2029 અને 2031ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ફાઇનલનું આયોજન ઈંગ્લેન્ડમાં થશે. જોકે, 2032થી 2035 વચ્ચે યોજાનારી ટૂર્નામેન્ટની તારીખો જાહેર કરી દેવામાં આવી છે, પરંતુ તેના યજમાન દેશોનો નિર્ણય હજુ બાકી છે. ICCના સીઈઓ સંજોગ ગુપ્તાએ જણાવ્યું હતું કે લાંબા ગાળાનું આયોજન અગાઉથી સ્પષ્ટ થવાથી ખેલાડીઓ અને ક્રિકેટ બોર્ડને હાઈ-પરફોર્મન્સ પ્રોગ્રામ તેમજ આંતરરાષ્ટ્રીય કેલેન્ડર વધુ સારી રીતે તૈયાર કરવામાં મદદ મળશે. અગાઉ 2023માં પણ ભારતે વનડે વર્લ્ડકપની સફળ યજમાની કરી હતી.

ઓસ્ટ્રેલિયાને 135 રને હરાવીને ઈંગ્લેન્ડે શ્રેણી બરાબર કરી

ઈંગ્લેન્ડે 355 રનનો વિશાળ સ્કોર બનાવ્યો, ટોમ બેન્ટનની સદી

એટકિન્સનની ઘાતક બોલિંગ સામે ઓસ્ટ્રેલિયન ટીમ 220 રનમાં ઓલઆઉટ થઈ

રૂટ ઈંગ્લેન્ડ તરફથી વનડેમાં 50 અર્ધસદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો



એડીલેડ, તા. 15 (એપી): રવિવારે 15 નવેમ્બરે એડિલેડ ઓવલ ખાતે રમાયેલી બીજી વનડે મેચમાં ટોમ બેન્ટનની શાનદાર સદી અને ગસ એટકિન્સનની ઘાતક બોલિંગની મદદથી ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને 135 રને હરાવીને 3 મેચની સિરીઝ 1-1થી બરાબર કરી લીધી છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 6 વિકેટે 355 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. ઓપનર ટોમ બેન્ટને 99 બોલમાં 12 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી 121 રન ફટકારી પોતાની બીજી વનડે સદી પૂરી કરી હતી. તેણે જો રૂટ (62 રન) સાથે બીજી વિકેટ માટે 135 રનની ભાગીદારી નોંધાવી હતી. ત્યારબાદ જોઅન કોક્સ (67 રન) અને અણનમ રહેલા વિલ જેક્સ (54 રન) વચ્ચે 102 રનની ભાગીદારી થતા ઈંગ્લેન્ડ 350 રનનો આંકડો પાર કરી શક્યું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી ઝેવિયર બાર્ટલેટે 3 વિકેટ ઝડપી યજમાન ટીમની કમર તોડી નાખી હતી. 356 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ 44.3 ઓવરમાં 220 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ગસ એટકિન્સને 28 રન આપી 4 વિકેટ ઝડપી યજમાન ટીમની કમર તોડી નાખી હતી.

બાંગ્લાદેશનો વળતો પ્રહાર, દક્ષિણ આફ્રિકા સામે પ્રથમ દિવસે 6 વિકેટે 327 રન

જોહાનિસબર્ગ, તા. 15: દક્ષિણ આફ્રિકા સામે રવિવારે 15 નવેમ્બરે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે તૌહીદ હૃદયની શાનદાર 137 રનની ઈનિંગ અને લિટન દાસના અણનમ 92 રનની મદદથી બાંગ્લાદેશે વળતો પ્રહાર કરતા દિવસના અંતે 84 ઓવરમાં 6 વિકેટે 327 રન બનાવી લીધા છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને કાગીસો રબાડાના (5 વિકેટે)ઘાતક સ્પેલ સામે ટીમે માત્ર 22 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ તૌહીદ હૃદય અને તન્ઝીદ હસને (67 રન) ચોથી વિકેટ માટે 99 રન જોડ્યા હતા, પરંતુ 121 રનના સ્કોરે રબાડાએ સતત બે બોલમાં તન્ઝીદ અને મુશફિકુર રહીમને આઉટ કરીને બાંગ્લાદેશને ફરી મુશ્કેલીમાં મૂક્યું હતું. આ કપરી પરિસ્થિતિમાં તૌહીદ અને લિટન દાસે છઠ્ઠી વિકેટ માટે 206 રનની અૈતિહાસિક ભાગીદારી કરીને દક્ષિણ આફ્રિકાના બોલરોને હંફાવ્યા હતા.

રોનાલ્ડોની ફેરવેલ મેચમાં પોર્ટુગલની શરમજનક હાર: ડેનમાર્કે 4-1થી કચડ્યું



રોનાલ્ડોની આંતરરાષ્ટ્રીય નિવૃત્તિ બાદ પ્રથમ મેચમાં જ પોર્ટુગલની ઘરઆંગણે સૌથી મોટી હાર

પોર્ટુગલ ટીમના ખેલાડીઓએ રોનાલ્ડોના સન્માનમાં 7 નંબરની જર્સી પહેરી, જોકે રોનાલ્ડો મેચ દરમિયાન ગેરહાજર રહ્યો હતો

બ્રાગા (પોર્ટુગલ), તા. 15 (એપી): ડેનમાર્કે પોર્ટુગલને 4-1થી કચડી નાખ્યું હતું, જે સ્પર્ધાત્મક મેચમાં ઘરઆંગણે પોર્ટુગલનો અત્યાર સુધીનો સૌથી મોટો પરાજય છે. મેચ પહેલા પોર્ટુગીઝ ખેલાડીઓએ રોનાલ્ડોના અૈતિહાસિક 7 નંબરની જર્સી પહેરીને તેને ભાવભીની વિદાય આપી હતી, પરંતુ મેદાન પર ટીમનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. ડેનમાર્ક તરફથી કેપ્ટન પિયરે-એમિલ હોજબર્ગે 43મી મિનિટે પેનલ્ટી દ્વારા પ્રથમ ગોલ કર્યો હતો. ત્યારબાદ બીજા હાફમાં રાસમસ હોજલુંડે 50 મી અને 57 મી મિનિટે 2 શાનદાર ગોલ ફટકારી સરસાઈ મજબૂત કરી હતી, જ્યારે જોઆકિમ એન્ડરસને 75મી મિનિટે ચોથો ગોલ કર્યો હતો. પોર્ટુગલ માટે એકમાત્ર સાંત્વના ગોલ બર્નાર્ડો સિલ્વાએ સ્ટોપેજ ટાઇમમાં નોંધાવ્યો હતો.

ક્રિકેટ માટે ઓલિમ્પિક ક્વોલિફાયર મેચો બાંગ્લાદેશ અને યુએસએમાં યોજાશે

બાલી, તા. 15 (પીટીઆઈ): બાલીમાં મળેલી બેઠક બાદ ICC દ્વારા 128 વર્ષના અંતરાલ બાદ ઓલિમ્પિકમાં ક્રિકેટની વાપસી માટેના ક્વોલિફાયર કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. LA28 ઓલિમ્પિક્સ માટે પુરુષોની ક્વોલિફાયર સ્પર્ધા 5થી 13 ફેબ્રુઆરી 2028 દરમિયાન બાંગ્લાદેશમાં યોજાશે, જ્યારે મહિલાઓની ક્વોલિફાયર 26 ફેબ્રુઆરીથી 5 માર્ચ 2028 દરમિયાન અમેરિકામાં રમાશે. આ ક્વોલિફાયરમાં 8 ટીમો ભાગ લેશે અને વિજેતા ટીમ ઓલિમ્પિક માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરશે. ભારતીય મહિલા ટીમ અગાઉથી જ ઓલિમ્પિક માટે ક્વોલિફાઇ થઈ ચૂકી છે, જ્યારે પુરુષ ટીમ 31 ડિસેમ્બર 2026ના રેન્કિંગના આધારે સીધી ક્વોલિફાઇ થવાની સંભાવના છે. આ ઉપરાંત ICC દ્વારા 2027 વર્લ્ડકપ અને 2028 T20 વર્લ્ડકપના ક્વોલિફાયર મેચોની તારીખો પણ જાહેર કરવામાં આવી છે.

ટોટલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપ: એરિગેસીએ આશા જીવંત રાખી

બુડાપેસ્ટ, તા. 15 (પીટીઆઈ): ટોટલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપ પાયલોટના ફાસ્ટ ક્લાસિકલ મુકાબલાના ચોથા દિવસે ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનાનંદા વિજયી સ્થિતિમાં હોવા છતાં 'બ્લન્ડર' કરી બેસતા રિચાર્ડ રેપોર્ટ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ મેચમાં અંતિમ ક્ષણે ભૂલ થતાં તેને તાત્કાલિક ચેકમેટ મળ્યો હતો, જેના કારણે તે ટાઇટલ નોકઆઉટની રેસમાંથી બહાર થઈ ગયો છે. ગ્રુપ બીમાં પ્રજ્ઞાનાનંદાના 8 મેચમાં 4 પોઈન્ટ છે. તેની બહેન આર વૈશાલી પણ અમેરિકન જીએમ વેસ્લે સો સામે હારીને ટાઇટલ રેસમાંથી બહાર થઈ ગઈ છે. બીજી તરફ, અર્જુન એરિગેસીએ મેક્સિમ વાચીયર-લાગ્રેવની અજેય રથને રોકીને પોતાની દાવેદારી મજબૂત કરી છે.

નોર્વેએ વેલ્સને હરાવ્યું, એર્લિંગ હાલેન્ડે બે મેચ બાદ પ્રથમ ગોલ કર્યો

3-1થી મેચ જીતી નોર્વેએ ગ્રુપ એ4માં પોતાની સ્થિતિ મજબૂત કરી

નોર્વે તરફથી હાલેન્ડનો 66મો ગોલ



ઓસ્લો, તા. 15 (એપી): શનિવારે 14 નવેમ્બરે ઓસલો ખાતે રમાયેલી યુઇએફએ નેશન્સ લીગની મેચમાં નોર્વેએ વેલ્સને 3-1થી હરાવ્યું હતું, જેમાં સ્ટાર સ્ટ્રાઈકર એર્લિંગ હાલેન્ડે શાનદાર ગોલ કરીને પોતાની ગોલ ન નોંધાવી શકવાની બે મેચની સિલસિલો તોડી નાખ્યો હતો. મેચના 59મી મિનિટે એન્ટોનિયા નુસાએ પ્રથમ ગોલ કરીને નોર્વેનું ખાતું ખોલાવ્યું હતું. ત્યારબાદ થોડી જ વારમાં હાલેન્ડના શાનદાર પાસ પર આન્દ્રેસ શ્જેલ્ડરુપે ગોલ કરીને સ્કોર 2-0 કર્યો હતો. જોકે, વેલ્સના ડેવિડ બ્રૂક્સે શાનદાર શૉટ ફટકારીને સ્કોર 2-1 કરી મુકાબલો રોમાંચક બનાવી દીધો હતો. મેચના અંતિમ ક્ષણોમાં 85મી મિનિટે નોર્વેને પેનલ્ટી મળી હતી, જેના પર હાલેન્ડે શાનદાર ગોલ કરીને નોર્વેની જીત નિશ્ચિત કરી હતી. નોર્વે તરફથી આ તેનો 60મી મેચમાં 66મો ગોલ હતો, જેણે તેના રાષ્ટ્રીય રેકોર્ડને વધુ મજબૂત બનાવ્યો છે. તેની આ ગોલ કરવાની સચોટ શૈલીની સરખામણી જર્મનીના દિગ્ગજ ખેલાડી ગર્ડ મુલર સાથે કરવામાં આવે છે. આ વિજય સાથે નોર્વેએ ગ્રુપ એ4માં પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

હરડે

દરેક ઋતુમા યોગ્ય અનુરૂપ અનુપાન સાથે લઈ શકો છો. વર્ષા ઋતુમાં સિંધવ મીઠું સાથે, શરદ ઋતુ મા સાકર , હેમંત ઋતુમાં સૂંઠ, શિશિરમાં લીંડી પીપર , વસંત ઋતુમાં મધ અને ગ્રીષ્મ ઋતુમાં ગોળ સાથે રોજ સવારે નરણાં કોઠે ત્રણ ગ્રામ હરડે ચૂર્ણ લેવું. સમગ્રતયા સ્વાસ્થ્ય સારું રહેશે.

સુડોકુ 'કૂટિ' ૬૬૭

૮		૩	૫		૭	૬	૪	૯
૫			૩			૨		૭
૯		૨			૧	૮		
૩		૧	૯	૬		૭		૪
૭	૮	૯	૧		૪		૨	
૨				૭			૯	
	૩	૮	૭	૯	૬	૧		૨
		૭		૫	૮		૬	૩
૬					૩		૭	૮


- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૭	૭	૬	૪	૨	૫	૫	૬
૬	૪	૨	૭	૫	૫	૭	૭	૭
૬	૫	૫	૭	૭	૭	૬	૪	૨
૫	૫	૭	૭	૭	૬	૪	૨	૬
૭	૭	૭	૬	૪	૨	૫	૫	૬
૭	૭	૬	૪	૨	૫	૫	૭	૭
૭	૬	૪	૨	૫	૫	૭	૭	૭
૬	૪	૨	૫	૫	૭	૭	૭	૬
૪	૨	૫	૫	૭	૭	૭	૬	૪

૭૭૬૬-૮૬૬૬ ક્રિકેટ

શબ્દગુંફન - ૭૨૯૪

અરવિંદ એસ. મારૂ




આડી ચાવી

૧. દીરજવાળો અને ઉદાર સ્વભાવવાળો નાયક (૪)
૬. વહીવટદાર (૫)
૯. એકી સાથે સો વાતો ઉપર ધ્યાન આપી શકનાર (૪)
૧૩. ઠંડું (૩)
૧૫. પળ, ક્ષણ (૩)
૧૭. વિરામ લીધા વિના (૪)
૧૯. એક નજાકાત વાસણ (૩)
૨૧. દાણાદાર લોટ (૨)
૨૨. શ્વાસ (૨)
૨૪. મહેમાનગતી કરનાર (૪)
૨૬. નરદમ, નીરોગી (૨)
૨૭. બોલ - - - બોલે એક ફિલ્મ (૨)
૨૯. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૩૦. રોજની આવક (૨)
૩૧. ચોખાની એક જાત (૪)
૩૩. ક્રોધ, નાશકારક આફત (૨)
૩૪. મદમાખીએ એકઠો કરેલો રસ (૨)

ઉભી ચાવી

૧. દીરાયણું (૩)
૨. રાક્ષસ, અસુર (૩)
૩. શાંતિ, ક્ષમા (૨)
૪. ફતેહ, વિજય (૨)
૫. માથું, મસ્તક, શિર્ષ (૨)
૬. ગૌરવયુક્ત, અભિમાની (૨)
૭. પેલ (૨)
૮. ઇજ્જત, નોતરું (૩)
૧૦. હુકમનો અમલ (૩)
૧૧. ઉતાવળમાં થયેલી ભૂલ (૨)
૧૨. ભાગ્ય, ભવિષ્યનું (૨)
૧૩. ઠંડું, ઠંડી, ટાઢ (૨)
૧૪. ઓસ્તો, સુખાનુભવ (૩)
૧૫. ગમતું, ચૂંટી કાઢેલું (૩)
૧૬. પ્યાલી (૨)
૧૭. ભમરો (૨)
૧૮. આનંદ, વિનોદ (૩)
૨૦. આર્ય, નમૂનો (૨)
૨૧. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૨૩. ચિંતન (૩)
૨૪. બુદ્ધિ, ચાદશક્તિ (૨)
૨૫. પખવાડિયાની બારમી તિથી (૩)
૨૭. ખુશ, પ્રસન્ન (૨)
૨૮. ચણોઠી જેટલું કદ કે વજન (૨)
૨૯. રડવું તે (૨)
૩૦. છોડ (૨)
૩૧. અડચણ (૨)
૩૨. એક નહીં (૨)



૪૨૮૯ - ૮૬૬૬ ક્રિકેટ

આજનું પંચાંગ

તા. 16/11/2026, સોમવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિ: સુદ: સાતમ: 28:21- છવાદિ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-25 **યોગ :** ગંડ
કરણ: ગર **નક્ષત્ર :** શ્રવણ:- 26:17
રાશિ: મકર (ખ,જ)
દિવસ : મિશ્ર- જલારામ જયંતી-ત્રિવેન્દ્રમ આર્ટ---- સૂર્ય- વૃશ્ચિકમાં 19:44 થી
સુરતમાં સૂર્યોદય : 06:51 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:56
નવકારસી : 07:39
પારસી વર્ષ : 1396 તીર માસનો 04 થો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ આખર માસનો 08ઠો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે: 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): વેપારમાં નવા સોદા પાર પડશે. આર્થિક પ્રગતિ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય. સમાજ જીવનમાં પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ,): બૌદ્ધિક અને રચનાત્મક કામમાં સફળતા મળે. નવા રોકાણથી લાભ થાય. સંતાનોના કામની યોજનામાં મદદ મળે.
મિથુન (ક,છ,ઘ,): મન અતિ ક્રિયાશીલ રહેશે. વાણ-વ્યવહારમાં સાવધાની રાખવી. પરિવાર સાથે તાલમેળ રાખવો. થાકનો અનુભવ થા